ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૮/૨૩–૨૪/ 1445 તારીખ : 19 OCT 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૩૮/૨૩–૨૪

પ્રતિ,
**શ્રી બાંભણીયા રમેશભાઈ બાવચંદભાઈ,**
**કાનજીનગર, શોપ નં–૧,**
**નેસવડ,**
**તા.મહુવા,**
**જી.ભાવનગર.**

મો.નં– ૯૮૭૯૩ ૪૩૧૧૦

**વિષય :** **હીરા ઉધોગ વિજ કનેકશનમાં લો વોલ્ટેજનો ફોલ્ટ દૂર કરી આપવા બાબત.**

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા.૨૪/૦૮/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૮/૦૮/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૮/૨૩–૨૪/૧૨૮૬ તા.૨૮/૦૮/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૮/૨૩–૨૪/૧૩૧૭ તા.૧૧/૦૯/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૬/૦૯/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

***.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) **નાયબ ઈજનેરશ્રી,** પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **ગ્રામ્ય પેટા વિ. કચેરી–૧,** મહુવા.

Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

ફરિયાદ નિવારણ ફોરમ, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૩૮/૨૩–૨૪**

વાદી :– શ્રી બાંભણીયા રમેશભાઈ બાવચંદભાઈ,

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**રજૂઆતની તારીખઃ– તા.૨૬/૦૯/૨૦૨૩**

**વાદ :– શ્રી બાંભણીયા રમેશભાઈ બાવચંદભાઈ (૧ પોતે)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા**
**શ્રી સી.એમ.સીંગલ, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી બાંભણીયા રમેશભાઈ બાવચંદભાઈ, મું.નેસવડ, તા.મહુવા, જી. ભાવનગરની હીરા ઉદ્યોગ વિજ કનેકશનમાં લો વોલ્ટેજનો ફોલ્ટ દૂર કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૮/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૮/૨૩–૨૪/૧૨૮૬ તા.૨૮/૦૮/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા <u>તા.૨૬/૦૯/૨૦૨૩</u> ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી બાંભણીયા રમેશભાઈ બાવચંદભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા શ્રી સી.એમ.સીંગલ, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, મહુવા ઉપસ્થિત રહેલ.

**<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**૧.૧ અરજદારને ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાનું નેસવડ ગામે કાનાજીનગર, શોપ નં–૧ સ્થળે ૯ કેવી.નું હીરા ઉદ્યોગનું વિજ કનેકશન ચાલે છે. તેમાં લો વોલ્ટેજ આવે છે. અરજદારની વિજ કચેરી મહુવા ગ્રામ્ય–૧ છે. કચેરીમાં અવાર નવાર જાણ કરેલ છે. કચેરી દ્વારા ફરીયાદનો નિકાલ થતો નથી તા.૧૪/૦૮/૨૦૨૩ ના લેખિત ફરીયાદ કરેલ છે. છતાં, કોઈ કર્મચારીને ફોલ્ટ દૂર કરવા મોકલતા નથી અમારા હીરા ઉદ્યોગની ઘંટી મશીનરી ચાલતા નથી લો વોલ્ટેજના લીધે કારીગરો કામ કરી શકતા નથી. બેદરકાર ઉપર કંપનીના નિયમ મુજબ પગલા લઈ ફોલ્ટ દૂર કરવા હુકમ કરવા વિનંતી છે.**

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**૨.૧ સવિનય સાથ ઉપરોકત વિષય તથા સંદર્ભના અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે, અત્રેની કચેરી પીજીવીસીએલ મહુવા ગ્રામ્ય–૧ પેટા વિભાગીય કચેરી ખાતે ગ્રાહકશ્રી બાંભણીયા રમેશભાઈ**

બાવચંદભાઈ,ગામ – નેસવડ, ગ્રાહક નં–૩૭૦૦૬/૦૭૧૮૭/૯ લોડ ૯ કિ.વો. ના કનેકશનમાં લો વોલ્ટેજ બાબતની અરજી કરેલ.

૨.૨ જેને અનુસંધાને અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરી દ્વારા તા.૧૪/૦૯/૨૦૨૩ સ્થળ તપાસ કરતા સદર કનેકશનમાં આર ફેઈઝમાં ૨૦૯.૮ વોલ્ટ, વાય ફેઈઝ માં ૨૫૬ વોલ્ટ, બી ફેઈઝમાં ૨૪૯ વોલ્ટ જોવા મળે છે. તથા સદર કનેકશનનું વિજ જોડાણ ૧૦૦ કેવીએ ના વિજ ટ્રાન્સફોર્મર થી ચાર સ્પાન બાદ એલ.ટી.પોલ પર આવેલ છે. સદર ટ્રાન્સફોર્મરના ત્રણેય ફેઈઝ નો લોડ ચકાસતા આર ફેઈઝમાં ૬૯ એ, વાય ફેઈઝમાં ૯૦.૫, એ, બી ફેઈઝમાં ૭૨.૭ એ જણાય આવેલ.

૨.૩ આમ, સદર ગ્રાહકના આર ફેઈઝમાં લો વોલ્ટેજ ૨૦૯.૮ વી જાણતા તથા ૧૦૦ કેવીએ વિજ ટ્રાન્સફોર્મરમાં, વાય ફેઈઝમાં ૯.૫ એ અન બેલેન્સ લોડ જણાતા સદર સ્થળ પરના વિજ ટ્રાન્સફોર્મરનો લોડ બેલેન્સ કરી વોલ્ટેજ તથા એમ્પીયર ચકાસતા ટ્રાન્સફોર્મર પરનો લોડ આર ફેઈઝમાં ૭૦ એ,વાય ફેઈઝમાં ૬૬ એ , બી ફેઈઝમાં ૭૨ એ, બેલેન્સ લોડ કરેલ છે. તથા ગ્રાહકશ્રીના કનેકશનના વોલ્ટેજ ચકાસણી કરતા આર ફેઈઝમાં ૨૪૧.૮ વોલ્ટ, વાય ફેઈઝમાં ૨૩૯ વોલ્ટ, બી ફેઈઝમાં ૨૩૯.૧ વોલ્ટ, દર્શાવે છે. જે નિયમોનુસાર યોગ્ય કરેલ છે.

૨.૪ આમ, ગ્રાહકશ્રીના લો વોલ્ટેજની કમ્પ્લેઈનનું સુખદ નિરાકરણ કરેલ અત્રેની કચેરી દ્વારા કરવામાં આવેલ છે. આ સાથે મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરી દ્વારા કરવામાં આવેલ રોજકામ તથા અન્ય સંબંધિત દસ્તાવેજી પુરાવા આ સાથે સામેલ છે. જે આપ સાહેબની જાણ સારૂ.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી શ્રી બાંભણીયા રમેશભાઈ બાવચંદભાઈ, મું.પો.નેસવડ, તા.મહુવા, દ્વારા તેમના ૯ કેવીના હીરા ઉધોગનુ વિજ કનેકશન નં – ૩૭૦૦૬/૦૭૧૮૭/૯ નો લો વોલ્ટેજ હોવાની ફરીયાદ અંગે પ્રતિવાદી પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી ગ્રામ્ય–૧ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની ફરીયાદની રૂબરૂ સુનાવણી આજરોજ તા.૨૬.૦૯.૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ છે. જેમાં, બન્ને પક્ષકારોએ હાજર રહી પોત પોતાનો પક્ષ રજૂ કરેલ છે.

૩.૩ વાદીની ફરીયાદને ધ્યાને લઈ પ્રતિવાદીની પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૧૪/૦૯/૨૦૨૩ ના રોજ સ્થળ પર જઈ લોડ ચેક કરતા આર ફેઈઝમાં લો વોલ્ટેજ તેમજ ૧૦૦ કેવીએ વિજ ટ્રાન્સફોર્મરમાં વાય ફેઈઝમાં અન બેલેન્સ લોડ જણાતા સદર સ્થળ પરના વિજ ટ્રાન્સફોર્મનો લોડ બેલેન્સ કરી આપેલ છે.

૩.૪ આજરોજની રૂબરૂ સુનાવણીમાં વાદી દ્વારા પ્રતિવાદીની ઉપરોકત કાર્યવાહીનું સમર્થન કરેલ છે. પરંતુ, હજુ પણ લો વોલ્ટેજનો પ્રશ્ન હોવા અંગેની રજૂઆત કરેલ છે. અને પ્રતિવાદી દ્વારા આ અંગે વિસ્તૃત ચર્ચા કરેલ છે અને લો વોલ્ટેજ હજુ પણ હોવાનું ફોરમને જણાય છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૫ આથી હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદી એ વાદી ના વીજ જોડાણ વાળા ટ્રાન્સફોર્મર સેન્ટર ના એલ ટી નેટવર્ક નો અભ્યાસ કરી યોગ્ય જણાય તે સમારકામ તાત્કાલિક કરાવવું. તમામ વીજ જોડાણો નો ખરેખર વીજભાર ચેક કરી ને નિયમિત કરવા નિયમ મુજબ ની કાર્યવાહી કરવી તેમજ હયાત લોડીંગ ને ધ્યાને લઈ લો વોલ્ટેજ નો પ્રશ્ન હલ કરવા માટે એલ ટી લાઈન/ટ્રાન્સફોર્મર સેન્ટર ના વિભાજન ની કાર્યવાહી કરી ને અત્રે ના ફોરમ ને દિન ત્રીસ માં વિગતવાર અહેવાલ રજૂ કરવાનો રહેશે

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન—૩, ત્રીજો માળ, બ્લોક નં—૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે. એમ. મહેતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(શ્રી જે.એ.ગોસાઈ)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એન.સી.મકવાણા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :— ૨૬/૦૯/૨૦૨૩.